# <u>સુરત મહાનગરપાલિકા</u>
## <u>સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન</u>
## <u>અખબારી યાદી</u>

હાલમાં કોવીડ–૧૯ માહામારીને ધ્યાને લઈ ને સંક્રમણનો ફેલાવો ન થાય તે સારૂ અત્રેના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં સરકારશ્રી ધ્વારા વખતો વખત જાહેર કરેલ માર્ગદર્શિકા / સુચન / હુકમો મુજબ કલસ્ટર / કન્ટેઈનમેન્ટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત અત્રેના ઝોન સ્ટાફ ધ્વારા આજ તા.૧૩/૦૪/૨૦૨૧ ના રોજ અલથાણ કેનાલ રોડ ખાતે આવેલ શૃંગલ હિલ્સ સોસાયટીમાં કોરોના પોઝીટવના કેસો વધુ આવતા સોસાયટી કલસ્ટર / સીલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ પરંતુ સ્થળ પર સોસાયટીમાં રહેતા અંદાજે ૫૦ (પચાસ) રહીશો ધ્વારા સ્થળ પર એકત્રીત થઈ સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવી રહેલ કલસ્ટર કન્ટેઈનમેન્ટની કામગીરીને અટકાવવાનો પ્રયાસ કરેલ તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ સાથે ગાળા–ગાળી તથા અભદ્ર ભાષાનો પ્રયોગ કરી સ્ટાફને ધકકે ચડાવી લોક ટોળાને ઉશ્કેરી કામગીરીમાં રૂકાવટ પેદા કરેલ જેથી અઠવા ઝોન ધ્વારા પોલીસને સ્થળ પર બોલાવીને સદર સોસાયટીના રૂકાવટ કરતા ૫૦ વ્યકિતઓના સોસાયટીના લોક ટોળા વિરૂધ્ધ ફરીયાદ અરજી ખટોદરા પોલીસ સ્ટેશનમાં દાખલ કરીને સદર સોસાયટીને કલસ્ટર કરવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ. ખટોદરા પોલીસ સ્ટેશન ધ્વારા ફરીયાદ અરજી ~~અન્વયે~~ અન્વયે જરૂરી કાર્યવાહી હાથ ધરી ઉપરોકત પૈકી ૮ વ્યકિતઓની અટકાયત કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી સીટી ઈજનેરશ્રીની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં....૯૫..........
તા.૧૩/૦૪/૨૦૨૧